ST નિગમ ૨૨(૦૩૦૫૭)


સત્યમેવ જયતે

પી.બી. ઠાકર, આઈ.એ.એસ.
નિયામક

નિયામક, સમાજ સુરક્ષા ખાતુ
બ્લોક નં. ૧૬, ગ્રાઉન્ડ ફ્લોર,
ડો. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર – ૩૮૨૦૧૦.
ગુજરાત રાજ્ય.
ફોન નં : ૦૭૯ – ૨૩૨ ૫૬૩૦૯
ફેક્સ નં : ૦૭૯ – ૨૩૨ ૫૬૩૦૮
ઈ – મેઈલ : dir-sd@gujarat. gov.in


ન.અપગ/વિક. ઓ.કાર્ડ/૧૭-૧૮/૪૫૬૦ તા. ૧૦-૦૫-૨૦૧૭

**પ રિ પ ત્રઃ**

વિષયઃ વિકલાંગોને એસ.ટી.માં મફત મુસાફરીની યોજના બાબત.

સંદર્ભઃ
૧) આ કચેરીનો પરિપત્ર ન.અપગ/વિક.ઓ.કાર્ડ/૧૫-૧૬/૨૭૬૪, તા.૧-૩-૨૦૧૬.
૨) ન.અપગ/વિક.ઓ.કાર્ડ/૧૬-૧૭/૭૭૪૯, તા.૨૩-૬-૨૦૧૬.
૩) ન.અપગ/વિક.ઓ.કાર્ડ/૧૬-૧૭/૧૨૧૪૧, તા. ૨૭-૧૦-૨૦૧૬.
૪) ન.અપગ/વિક.ઓ.કાર્ડ/૧૬-૧૭/૪૦, તા. ૦૩-૧-૨૦૧૭.

આથી સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓને જણાવવાનું કે સમાજ કલ્યાણ વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંકઃ અપગ/૧૦૯૦/ન-૮/છ, તા.૪-૭-૧૯૯૧ થી તેમજ મંદબુધ્ધિવાળી અને બહેરા મુંગા વ્યકિતઓને સમાજ કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંકઃઅપગ-૧૦૯૧/મુ.મ. -૪૧/છ, તા.૧૮-૧-૯૨ થી દ્રષ્ટિહીન, અસ્થિવિષયક, મંદબુધ્ધિ, માનસિક માંદગી અને બહેરી મુંગી વ્યકિતઓને અભ્યાસ કે સારવાર માટે તેમજ નોકરી ધંધાના સ્થળે જવા માટે તથા અન્ય સામાજિક કારણોસર ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમની બસમાં મુસાફરી કરવા માટે પ્રવાસ ભાડામાં રાહત આપવાનો ઠરાવ કરવામાં આવેલ છે.

ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમની બસમાં મુસાફરી કરવા માટે પ્રવાસ ભાડામાં રાહત આપવાની યોજનાના સંદર્ભમાં એસ.ટી.માં મુસાફરીને પાત્રતા ધરાવતા વિકલાંગોને ગ્રીન ઓળખપત્ર જિલ્લામાં આવેલ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીની કચેરીમાંથી ઇશ્યુ કરવામાં આવે છે. વિભાગના ઠરાવ ક્રમાંકઃ અપગ/૧૦૨૦03/૧૬૬/છ-૧, તા.૨૧-૪-૨૦૧૬ થી આવક મર્યાદા દૂર કરવામાં આવેલ તેમજ વિકલાંગ ઓળખપત્ર પાંચ વર્ષને બદલે કાયમી આપવાનું ઠરાવેલ હોઇ, જે વિકલાંગ ઓળખકાર્ડની મુદત પાંચ વર્ષે પૂર્ણ થતી હોઇ, નવેસરથી રીન્યુ અરજી કરી ઓળખકાર્ડ મેળવવાના થાય છે.આ નવા ઓળખકાર્ડની મુદત સંદર્ભમાં દર્શાવેલ પરિપત્રથી તા.૩૦-૪-૨૦૧૭ સુધી લંબાવવામાં આવેલ હતી. જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓની રજુઆતો ધ્યાને લેતા, નવા ઓળખકાર્ડ કઢાવવાની મુદત તા.૩૦-૯-૨૦૧૭ સુધી વધારી આપવામાં આવે છે.નવા રીન્યુ ઓળખકાર્ડ ઇશ્યુ કરતા પહેલા જુના ઓળખકાર્ડ પરત લેવાના રહેશે.આ નવા ઓળખકાર્ડની

કાર્યવાહી તા.૩૦-૯-૨૦૧૭ સુધીમાં પુરી કરવાની રહેશે.તા.૩૦-૯-૨૦૧૭ પછી કોઇપણ સંજોગોમાં મુદત લંબાવવામાં આવશે નહીં, જેની નોંધ લેવી અને ઓળખકાર્ડ રીન્યુ કરવાની કામગીરી સત્વરે પૂર્ણ કરવી.

નિયામક
સમાજ સુરક્ષા ખાતુ
ગુ.રા., ગાંધીનગર.

પ્રતિ,
સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓને જાણ તથા જરુરી કાર્યવાહી સારૂ.

<u>નકલ રવાના જાણ તથા જરુરી કાર્યવાહી સારૂ.</u>

(૧) ઉપાધ્યક્ષ અને મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ, મધ્યસ્થ કચેરી, નરોડા, અમદાવાદ. વિકલાંગ ઓળખકાર્ડની મુદત તા.૩૦-૪-૨૦૧૭ ના રોજ પૂર્ણ થયેલ હોઇ, તા.૩૦-૯-૨૦૧૭ સુધી માન્ય રાખવા આપની કક્ષાએથી વિભાગીય નિયામકશ્રીઓને સુચના આપવા સારુ.

(૨) સંબધિત ફાઇલ.